<u>અમદાવાદ (રુરલ) ના મહે. એડીશનલ સેશન્સ જજ સાહેબ શ્રી સમક્ષ,</u>

**અ પડત સમરી નં. ૦૨/૨૦૨૨**

આંક:૧ લગત હુકમ:–

હાલની અપડત સમરીનો રીપોર્ટ મદદનીશ પોલીસ કમિશ્નર '' એ'' ડીવીઝન અમદાવાદ શહેરનાએ રજુ કરી રજુઆત કરેલ છે કે વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન પાર્ટ એ ગુ.ર.નં. ૧૧૧૯૧૦૨૦૨૦૦૨૩૬/૨૦૨૦ ઈ.પી.કો.ક. ૩૬૩,૩૬૬, તથા પોકસો એકટ કલમ– ૧૧(૬) અને ૧૨ મુજબના કામે તપાસ કરતા ભોગ બનનાર બંને બાળાઓ આરોપીઓના વતન ખાતેના સરનામેથી મળી આવેલ હોય પરંતુ આરોપીઓ બાબતે કોઈ ફળદાયક હકીકત મળી આવેલ ના હોય અને નજીકના ભવિષ્યમા આરોપીઓ મળી આવવાની શકયતા ઓછી હોય જેથી આરોપીની જાથ્થુ તપાસમા રહી જયારે મળી આવે ત્યારે તેની સામે કાયદેસરની કાર્યવાહી કરવાની શરતે તેમજ આરોપી નજીકના ભવિષ્યમા મળી આવે તેવી શકયતા નાહોય જેથી હાલની '' અ'' પડત સમરી મંજુર કરવા વિનંતી કરેલી છે, તે જોતા તેમજ આ સબંધે સરકારી વકીલ શ્રી તથા ફરિયાદીની રજુઆત સાંભળી તપાસ કરનારની રજુઆત જોતા આરોપી નજીકના ભવિષ્યમા મળી આવવાની સંભાવના ઓછી હોય જેથી જયારે મળી આવે ત્યારે તેની સામે કાયદેસરની કાર્યવાહી કરવાની રજુઆત જોતા હાલના તબકકે ન્યાયના હીતમા નીચે મુજબનો હુકમ કરવામા આવે છે.

હુ ક મ

હાલની ''અ''પડત સમરી મંજુર કરવામા આવે છે.

વધુમાં તપાસ કરનારને એવો હુકમ કરવામા આવે છે કે વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન પાર્ટ એ ગુ.ર.નં. ૧૧૧૯૧૦૨૦૨૦૦૨૩૬/૨૦૨૦ ઈ.પી.કો.ક. ૩૬૩,૩૬૬, તથા

પોકસો એકટ કલમ– ૧૧(૬) અને ૧૨ મુજબના ગુનાના કામે જયારે અને જયાંથી આરોપી મળી આવે ત્યારે અને ત્યાં તેની સામે સદરહુ ગુનાના કામે કાયદેસરની કાર્યવાહી કરવી.

હુકમ આજ તારીખના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

અમદાવાદ.
તારીખ: ૫/૩/૨૦૨૨
(એસ.ટી. શ્રીમાળી)
પી.એ.

(શાહ હેતલકુમાર અરુણભાઈ)
એડી.ડીસ્ટ્રીકટ એન્ડ સેસન્સ જજ,
અમદાવાદ(રુરલ) અમદાવાદ.
જી.જે. ૦૦૫૫૦